આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩ | ૨૫ માર્ચ, ૨૦૧૪, સોમવાર; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ડૂબી ડૂબી ને શું ડૂબવાનું
માણસમાં.. એક વંત ઊતરો
ને ત્યાં તો તળિયાં આવે
- અશરફ ડબાવાલા

ગાંધીનગરમાં ત્રાસવાદી હુમલાની શકયતા

ચૂંટણી દરમિયાન ગાંધીનગર ઉપરાંત સોમનાથ, અંબાજી અને વડોદરામાં પણ હુમલો થઈ શકે : કેન્દ્રીય ગુપ્તચર વિભાગની ચેતવણી

ચેતવણીના પગલે રાજયનું ઈન્ટેલીજન્સ યુનિટ એલર્ટ

ગાંધીનગર, તા.૨૪

લોકસભાની ચૂંટણી દરમિયાન ગાંધીનગરમાં ત્રાસવાદી હુમલો થઈ શકે તેવી બાતમી કેન્દ્રીય ગુપ્તચર વિભાગે સ્ટેટ ઈન્ટેલીજન્સને આપી છે. આ ચેતવણીના પગલે રાજયનું ઈન્ટેલીજન્સ યુનિટ પણ એલર્ટ મોડમાં આવી ગયું છે. ગાંધીનગર ઉપરાંત સોમનાથ, અંબાજી અને વડોદરામાં પણ ગુપ્તચર વિભાગે હુમલાની શકયતા દર્શાવી છે.

ચૂંટણી પૂર્વે જોધપુરમાંથી ઈન્ડિયન મુજાહીદીનના ચાર ખતરનાક આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. કુલ આઠ સ્થળોએ હુમલો કરવાનો બદઈરાદો ધરાવતા વકાસ સહીતના ચાર આતંકવાદીઓને જોધપુર અને જયપુરમાંથી ઝડપી લેવાયા છે. દિલ્હી અને રાજસ્થાન પોલીસે સંયુકત ઓપરેશન હાથ ધરી આતંકવાદીઓની ધરપકડ કરી લીધી છે. આ આતંકવાદીઓ ભાજપના પી.એમ. ઉમેદવાર નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાની યોજના ધરાવતા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. આવા સંજોગોમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના જાન પર જોખમ હોવાની કેન્દ્રીય ગુપ્તચર વિભાગની ચેતવણીને પગલે રાજયનું ઈન્ટેલીજન્સ યુનિટ એલર્ટ મોડમાં આવી ગયું છે. કેન્દ્રીય ગુપ્તચર વિભાગની બાતમી મુજબ લોકસભાની ચુંટણી દરમિયાન ઈન્ડીયન મુજાહીદીન જેવા સંગઠનો હુમલો કરવા ષડયંત્ર ઘડી રહ્યા છે. જેમાં ગાંધીનગરને ટાર્ગેટ બનાવામાં આવે તેવી પણ શકયતા છે. ગુપ્તચર વિભાગે એવી પણ બાતમી આપી છે કે ગાંધીનગર ઉપરાંત સોમનાથ, વડોદરા તેમજ અંબાજીમાં ત્રાસવાદી હુમલા થઈ શકે છે. જેમાં વિશાળ હાજરી ધરાવતી જાહેરસભાને નિશાન બનાવી શકાય તેમ છે. આ મામલે ગુજરાત ઈન્ટેલીજન્સ દ્વારા

રાજયમાં સુરક્ષા માટે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી તથા ગુપ્તચર વિભાગે ખાસ એકશન પ્લાન પણ તૈયાર કર્યો છે. વિભાગની પણ મદદ લેવામાં આવી છે. નરેન્દ્ર મોદીની સુરક્ષા માટે ગુપ્તચર

NEWS બિટ્સ

● સાબરઅલીની જેડીયુમાંથી હકાલપટ્ટી

બિહારના રાજકીય અગ્રણી અને જેડીયુના પ્રવકતા સાબરઅલીની પક્ષમાંથી હકાલપટ્ટી

કરવામાં આવી છે. મીડીયા સાથેની એક મુલાકાતમાં સાબરઅલીએ નરેન્દ્ર મોદીની વિકાસનીતિની પ્રસંશા અને ત્રીજા મોરચાની ટીકા કરતા આ પગલુ ભરાયુ છે.

● રવિશંકર પ્રસાદ ભાજપના મિડીયા કો-ઓર્ડીનેટર

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રવકતા રવિશંકર પ્રસાદની

લોકસભાની ચૂંટણી સંદર્ભે નેશનલ મિડીયા કો-ઓર્ડીનેટર તરીકેની નીમણૂંક કરવામાં આવી છે. તેઓએ પટણા સાહિબની બેઠકની ટીકીટ માંગી હતી પરંતુ શત્રુઘ્નસિંહાએ આ બેઠકની ટીકીટ ફળવાતા નારાજ રવિશંકર પ્રસાદને મિડીયા કોઓર્ડીનેટર બનાવી મનાવી લેવાયા છે.

● કેજરીવાલે પોતાની લકી કાર દાનમાં આપી

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની બ્લુ

વેગનઆર કાર ફરી ચર્ચામાં છે. કેજરીવાલે આ લકી કાર પાર્ટીના રોહતક સ્થિત ઉમેદવાર નવીન જયહિન્દને આપી દીધી છે. એવુ કહેવાય છે કે નવીન જયહિન્દ પાસે ગાડી નથી અને તેથી કેજરીવાલે ચૂંટણી પ્રચાર માટે પોતાની આ કાર આપી દીધી છે.

● ૪૦ વર્ષ પછી બોમ્બે ટુ ગોવા ફરી થીયેટરમાં

ગ્રેટ કોમેડીયન મહેમૂદની મૃત્યુતિથીને આ વર્ષે દસ વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ સમયે મહેમૂદના ભાઈ અને એક સમયના ફિલ્મ-પ્રોડ્યુસર અનવરઅલીએ એક વીક માટે મહેમુદની મોસ્ટ પોપ્યુલર ફિલ્મ 'બોમ્બે ટુ ગોવા'નું સ્ક્રીનીંગ રાખ્યુ છે. ફિલ્મનું સ્ક્રીનીંગ ભવ્ય મલ્ટીપ્લેકસમાં થશે અને તે એપ્રિલના બીજા અઠવાડિયામાં રાખવામાં આવ્યું છે. મહેમુદના મિત્ર અને જાણીતા અભિનેતા અમિતાભ બચ્ચન આ સ્ક્રીનીંગની શરૂઆત કરાવશે.

● નાગાર્જુન નરેન્દ્ર મોદીને મળ્યા

દક્ષિણ ભારતના લોકપ્રિય અભિનેતા નાગાર્જુન સોમવારે

ગાંધીનગર ખાતે નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. નાગાર્જુને ગુજરાતના વિકાસથી પ્રભાવિત થયા હોવાનુ મીડીયાને જણાવ્યુ હતુ. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી મારી પ્રથમ પસંદગી છે એમ તેમણએ જણાવ્યુ હતુ. જો કે તેમણે કોઈના પ્રચારમાં જોડાવવાનો ઈન્કાર કર્યો હતો.

જમીનના પ્લોટોની હરાજી માટેની શરતો હળવી બનાવવા તંત્રની કવાયત

કેટલીક શરતોમાં ફેરફાર થવાના સંકેતો જો કે બોલી બોલનારાઓની રિંગ થતી અટકાવવા માટે પણ પ્રયાસો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં યોજાનાર પ્લોટોની હરાજી માટે નિયત થયેલ શરતોમાં ફેરફાર કરવા અંગેની ગંભીર વિચારણા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જો કે આ શરતોમાં ફેરફાર થવાની શકયતાઓ માત્ર તકનીકી કારણોસર જ કરવામાં આવે તેવી બાબતો પર સકારાત્મકતાપૂર્વક વિચારણા ચાલી રહી હોવાની વાતો પણ ચર્ચામાં છે.

મળતી વિગતો મુજબ એક દસકાના લાંબા ગાળા બાદ આ હરાજી યોજવામાં આવી રહી છે તેમજ પ્રથમ જ વાર આ હરાજી ઈ.ટેન્ડરીંગથી કરવામાં આવી રહી છે. ઈચ્છુકોએ તંત્ર અને સરકારમાં કરેલી રજુઆતો બાદ ખુલ્લા મને તંત્રએ આ પર વિચારણા કરી અને હરાજીની શરતોમાં ફેરફાર કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

હરાજીની શરતોમાં ફેરફાર કરવા બાબતે તંત્રએ ખાલી માથાપચ્ચી કરી ત્રણેક શરતોમાં ફેરફાર કરવાનું તેમજ આટલી જ બીજી શરતો નવી ઉમેરવા બાબતે મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

જો કે મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ઈચ્છુકોએ પ્લોટની કિંમતના ૨૫ ટકા ડિપોઝીટ તરીકે ભરવા માટે લાદેલી શરતમાં ફેરફાર કરી તે ૧૦ ટકા થી ૧૫ ટકા સુધી લાદવાની બાબતમાં વિચારણા ચાલી રહી છે. જો કે જેટલા પ્લોટની હરાજીમાં ભાગ લેવો હોય તેટલા પ્લોટ દીઠ અલગ રજીસ્ટ્રેશન અને ડિપોઝીટ ભરવા બાબતે સત્તાવાળાઓએ મક્કમ વલણ અખત્યાર કર્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલે પરેશ રાવલ ગાંધીનગર જિલ્લામાં

ગાંધીનગર (દ) અને દહેગામના કાર્યકર્તાઓને મળશે

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ પૂર્વ બેઠક પર ભાજપના ઘોષિત ઉમેદવાર શ્રી પરેશ રાવલ ૨૬મીને બુધવારે ગાંધીનગર (દ) અને દહેગામ સહિતના વિસ્તારોમાં ફરી કાર્યકર્તાઓનો સંપર્ક કરશે.

ભાજપના પ્રદેશ મિડિયા સેલ દ્વારા શ્રી રાવલના પ્રવાસ કાર્યક્રમ અંગે વિધિવત ઘોષણા કરવામાં આવી છે. ૨૫મી માર્ચના રોજ શ્રી રાવલ બાપુનગર અને વટવા વિસ્તારમાં પ્રવાસ કરશે.

૨૬મીએ સવારે ૯ વાગે તેઓ ગાંધીનગર (દ)ની બેઠકથી પોતાનો પ્રવાસ શરુ કરશે. આ બેઠક પરના કાર્યકરો સાથે લોકસંપર્ક બાદ તેઓ સીધા દહેગામ જશે. દહેગામ બાદ તેઓ નિકોલ, ઠકકરબાપા નગર અને નરોડાના કાર્યકરોને સાંજે ૭ વાગ્યા સુધી મળશે.

ફિલ્મ અભિનેતા શ્રી રાવલ આજે અમદાવાદ

એરપોર્ટ પર બપોરે ૩ વાગે આવી પહોંચનાર છે. જયાં એરપોર્ટ સર્કલ ખાતે ભાજપના કાર્યકરો દ્વારા તેમનું

● અનુસંધાન પાન-૭ પર

હરિન પાઠકના સમર્થનમાં દહેગામ સજ્જડ બંધ

આયાતી ઉમેદવારનો ખુલ્લેઆમ વિરોધનો વંટોળ યથાવત

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ પૂર્વના વર્તમાન સાંસદ હરિન પાઠકની ટીકીટ કાપી અભિનેતા પરેશ રાવલને ભાજપે ટીકીટ આપી છે. આથી હરેન પાઠકના સમર્થકો અને કાર્યકર્તાઓએ ઉગ્ર રોષ વ્યકત કરી દહેગામ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેને લઈ આજે દહેગામમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો.

અમદાવાદ પૂર્વમાં સ્થાનિક લોકપ્રિય ઉમેદવાર હરિન પાઠકને કાપી આયાતી પરેશ પરેશ રાવલને ટીકીટ આપી દેવાતા ભાજપ કાર્યકરોએ ભારે નારાજગી વ્યકત કરી દહેગામ બંધનું એલાન કર્યુ હતુ. જેને લઈ દહેગામ શહેરમાં એસ.ટી. ચોક, સરદાર શોપિંગ, મામલતદાર કચેરી, ચોકસી બજાર, ટાવર બજાર, રેલવે રોડ સહિતના અનેક વિસ્તારમાં વેપારીઓએ દુકાનો અને ઓફિસને બંધ રાખી સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. જ્યારે બંધને લઈ પોલીસે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે સ્થાનિકોએ શાંતિપૂર્ણ માહોલમાં બંધને સમર્થન આપ્યુ હતુ. કાર્યકરોનાવિવાદ વંટોળ વચ્ચે મોડી સાંજે પ્રદેશ ભાજપના નેતાઓએ દહેગામ આવી કાર્યકરો સાથે વાટાઘાટો કરી હતી અને સમજાવવાની કોશીશ કરી હતી.

પરેશ રાવલની ફિલ્મો દર્શાવવા સામે કોંગ્રેસની ફરિયાદ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પરેશ રાવલની દર્શાવતી ફિલ્મોને લઈ આચારસંહિતાનો ભંગ થતો હોવાની ફરિયાદ ચૂંટણી પંચને કરી છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિના લીગલ સેલ દ્વારા રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી અને ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાને આ અંગેની ફરિયાદ કરતાં જણાવ્યું છે કે ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે અને શ્રી રાવલ ભાજપના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર થયા છે ત્યારે આ ફિલ્મો દર્શાવતી ચેનલોને તે નહિ દર્શાવવા માટેના નિર્દેશો આપવા જોઈએ તેવી માંગણી કરી છે.

પૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણીનું ભાજપમાંથી રાજીનામુ

ગાંધીનગર, તા.૨૪

અમરેલી જિલ્લાના વરિષ્ઠ આગેવાન અને ભાજપ સરકારના પૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણીએ ભાજપના તમામ હોદ્દાઓ પરથી અને સામાન્ય સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. શ્રી ભાદાણીએ રાજીનામુ આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીની સરકાર લોકશાહી મુજબ ન ચાલતી હોવાથી મેં રાજીનામું આપ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧